ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૫ ટકા



વાવોલ ગામે ગુડા દ્વારા સૂચિત તળાવ બનાવવા માટે જગ્યા નિયત કરવામાં આવી છે. આ પ્લોટની આસપાસ ઘણાં રહેણાંક મકાનો છે. તળાવ બનાવવાની કામગીરી હજુ શરૂ થઈ નથી પણ આ પ્લોટમાં ખૂબ જ ગંદકી થઈ હોવાથી આસપાસ રહેતા વસાહતીઓ ત્રાસી ગયા છે. આ વિસ્તારનો હવે શહેરમાં સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે આ પ્લોટની સફાઈ કરવા અહીના વસાહતીઓએ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે.

# હેશટેગ કોવિડ નવરાત્રી એ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી

## નવરાત્રી દરમિયાન ઘરે જ ગરબા રમી વધુમાં વધુ # સાથે ફોટો કે વિડીયો અપલોડ કરવાનો ખેલૈયાઓમાં ક્રેઝ

ગાંધીનગર, તા.૨૨

નવરાત્રી પર્વની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે કોરોનાની મહામારીને કારણે થઈ નહી શકે ત્યારે શહેરના ખેલૈયાઓ પોતપોતાના ઘરે નવરાત્રીની ઉજવણી કરીને નવરાત્રીને વધાવી રહ્યા છે. ઘણી ઓનલાઈન ગરબા સ્પર્ધામાં ભાગ પણ લઈ રહ્યા છે ત્યારે ગરબાના તમામ વિડીયો અપલોડ કરતા હેશટેગ # મુકવાનું તેઓ ભૂલતા નથી. આજે સોશિયલ મીડિયામાં તમામ પ્રકારના ફોટા અને વિડીયો હેશટેગ # થી જ ઓળખાય છે ત્યારે વર્ષ ૨૦૨૦માં ખાસ # કોવિડ નવરાત્રી ૨૦૨૦, # મીસીંગ ફ્રેન્ડસ, # પૂજા રીલ, # અમે તો ગુજ્જુ, # થ્રોબેક ફોટો જેવા ઘણા હેશટેગ ફેમસ છે.

આજે સોશિયલ મીડિયાના વધતા જતા વ્યાપ સાથે તહેવારોની ઉજવણી જો કોઈ પણ સંજોગોમાં ઘરે રહીને પણ કરવી પડે તો કાંઈ ખોટું નથી કારણકે કોરોના જેવા રોગથી રક્ષણ મેળવવા જો ઘરની બહાર ન નીકળી શકાય તો પણ ઓનલાઈન ગરબા પ્લે કરીને ઘરે જ સજીધજીને મિત્રોને વિડીયો કોન્ફરન્સમાં લઈને પણ નવરાત્રીની મજા તો માણી જ શકાય છે. અને હવે ઈન્ટરનેટની સુવિધા સાથે તમામ વસ્તુ સરળ પણ બની છે ત્યારે હેશટેગ # નવરાત્રીની મોજ સાથે ઘણા હેશટેગથી નવરાત્રીના ફોટો અને વિડીયો સોશિયલ મીડિયા અકાઉન્ટ દ્વારા જે કોઈ પણ અપલોડ કરે તે વર્લ્ડવાઈડ નીહાળી શકાય છે. # નવરાત્રી સેલીબ્રેશન એટ હોમ એ તો ધૂમ મચાવી દીધી છે. આજ વર્ષ ૨૦૨૦ નવરાત્રી દરમિયાનના ફેમસ હેશટેગ # પૂજા રીલ, # મીસીંગ ગરબા, # નવરાત્રી એટ હોમ, # કોવિડ નવરાત્રી ૨૦૨૦, # ઘરકા પ્રસાદ, # ગુજ્જુ રોક્સ, # ફેસ્ટિવલ, # ઈન્ડિયા, # ગુજરાત, # ગાંધીનગર, # હોમ ગરબા લાઈફ, # હોમ નવરાત્રી વાઈબ્સ, # ગુજ્જુના ગરબા, # નવરાત્રી લુક, # નવરાત્રી વીક, # ગરબા રીલ, # ગરબા આઈજીટીવી, # ફીલ ઈટ રીલ ઈટ, # દાંડીયા, # તું શું કરે છે?, # પૂજા ચેલેન્જ, # ગરબા ચેલેન્જ, # કોવિડ હોમ ગરબા ચેલેન્જ, # ગરબા વિડીયો, # ફેસ્ટીવલ રેડી, # થ્રોબેક ફોટો, # નવરાત્રી ડાન્સ કવર, # ગરબો, # મીસીંગ ગરબા, # નવરાત્રી સ્પેશિયલ લુક, # હોમ ગરબા કોમ્પીટીશન, # ગરબા ચલેન્જ ૨૦૨૦, # એક્ઝિટ કોવિડ જેવા ઘણાય હેશટેગનો ઉપયોગ સોશિયલ મીડિયામાં ખેલૈયાઓ કરી રહ્યા છે અને પોતાના ગરબા સ્કીલ્સનો વિડીયો કે ફોટો અપલોડ કરી રહ્યા છે.

# સે-૨૯ વંદે માતરમ્ પાર્ક-૨માં આરતીમાં સોશ્યલ ડિસ્ટન્સ માટે અનોખો કિમિયો અજમાવાયો




ગાંધીનગર, તા.૨૨

કોરોના મહામારીના કારણે શહેરમાં નવરાત્રીની ઉજવણીમાં ભારે પરિવર્તન જોવા મળી રહ્યું છે. સેક્ટર-૨૯માં વંદે માતરમ પાર્ક-૨ ખાતે વસાહતીઓ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલન માટે અનોખો કિમિયો શોધી કાઢવામાં આવ્યો છે જે અનુસાર સોસાયટીમાં સર્વસંમતિથી એક વ્યક્તિના ઘરે માતાજીની સ્થાપના કરવામાં આવી છે અને દરેક શ્રધ્ધાળુઓ રોજ રાત્રે ૯ કલાકે પોતપોતાના ઘરેથી આરતી ઉતારે છે.

સેક્ટર-૨૯માં વંદે માતરમ પાર્ક-૨ ખાતે વસાહતીઓ દ્વારા નવરાત્રીમાં સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે આરતી કરવા અનોખો રસ્તો શોધવામાં આવ્યો છે. સોસાયટીમાં કુલ છ બ્લોકમાં મળીને ૧૬૮ પરિવાર વસવાટ કરે છે, જે પૈકી બ્લોક નંબર ૧૪માં રહેતા કિરીટસિંહ વાઘેલાના ઘરે માતાજીનું સ્થાપન કરવામાં આવ્યું છે. દરરોજ રાત્રે માતાજીની આરતીના સમયે એક જ સ્થળેથી ઓડિયો સિસ્ટમ પર આરતી વગાડવામાં આવે છે અને વસાહતીઓ રૂબરૂ આવવાને બદલે પોતપોતાના ફ્લેટની બાલ્કનીમાં ઉભા રહીને જ આરતીમાં સુર પુરાવે છે. આ કારણે સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાય છે અને વસાહતીઓ સામુહિક રીતે આરતીનો લાભ પણ પ્રાપ્ત કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સોસાયટીમાં પહેલા નોરતે માતાજીના સ્થાપન માટે પણ દરેક બ્લોક દીઠ એક જ પ્રતિનિધી હાજર રહવ તેવી વ્યવસ્થા અપનાવવામાં આવી હતી.

# ગાંધીનગર ૧૦૮ સ્ટાફ દ્વારા એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

ગત તા.૧૭મી ઓક્ટોબરના રોજ રાત્રે ૧૯:૫૮ કલાકે રખિયાલ લોકેશનને કોલ મળતાની સાથે જ ૧૦૮ એમ્બ્યુલન્સ ગણતરીની મિનિટોમા ઘમણપુર (બાયડ) પહોંચતાં જ સીમાબેન વિક્રમસિંહ ચૌહાણના સંબંધીઓએ જણાવેલ કે, સીમાબેનને ડિલિવરીનો દુઃખાવો વધુ થઈ રહ્યો છે, ત્યારે ફરજપરના ૧૦૮ ઈ.એમ.ટી. કાળુસિંહ સોલંકી અને પાઈલોટ સુરેશભાઈ સાધુ એમ્બ્યુલન્સ સાથે ઓછા રિસ્પોન્સ ટાઈમમાં તેમના ઘરે પહોંચીને પ્રસૂતિની વેદના વધુ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈને હોસ્પિટલ તરફ જઈ રહ્યાં હતાં તે દરમિયાન રસ્તામાં ઈ.એમ.ટી. કાળુસિંહને ડિલિવરીના લક્ષણો જણાતા પાઈલોટ સુરેશભાઈને એમ્બ્યુલન્સ સલામત જગ્યા પર ઊભી રાખવાની સૂચના આપીને ૧૦૮ ઈ.આર.સી.પી. ડૉ. ની સૂચના પ્રમાણે પ્રસુતિ કરાવવાનું શરૂ કર્યુ હતું. પ્રસૂતિની ગંભીર પરિસ્થિતિમાં બાળકનો માથાના ભાગ પહેલાં કોર્ડ પ્રોલેપસનો ભાગ બહાર આવતા ક્રિટીકલ પરિસ્થિતિ સર્જાઈ હતી પરંતુ યોગ્ય સમય સૂચકતા પ્રમાણે તેમણે એમ્બ્યુલન્સમાં સફળ પ્રસૂતિ કરાવી બાળકીનો જન્મ થયેલ જેનાથી તેમના પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.



૧૦૮ એમ્બ્યુલન્સ ટીમની કામગીરી હોસ્પિટલના સ્ટાફ તેમજ સગર્ભાના પરિવારજનો તેમજ ૧૦૮ના ગાંધીનગર પ્રોગ્રામ મેનેજર સંદીપ ગઢવી અને અક્ષય પંચાલ દ્વારા ૧૦૮ ટીમ દ્વારા થતી ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# ગત વર્ષના ગરબાને સોશ્યલ મિડીયા પર સ્ટેટસ સ્ટોરીમાં મુકી મન મનાવતા ગરબા રસિકો!!

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં નવરાત્રીની ઉજવણી અગાઉ કયારેય કલ્પના ના કરી હોય તેમ ફિક્કીફસ્સ જણાઈ રહી છે જેનું મુખ્ય કારણ કોરોના મહામારી છે. સરકારે આ વર્ષે ગરબા પર પ્રતિબંધ મુકી દેતા શહેરના ગરબા રસિકો, ખેલૈયાઓ તથા નવરાત્રીના શોખીનો માટે નિરાશાજનક માહોલ સર્જાવા પામ્યો છે. જો કે આ નિરાશાજનક સ્થિતિમાં અત્યારે ગરબારસિકો સોશ્યલ મિડીયા પર પોતાના ગત વર્ષની નવરાત્રીના ગરબાના વિડીયોઝ અપલોડ કરી મન મનાવી રહ્યા છે.

સોશ્યલ મિડીયા પોતાની અંગત લાગણીઓને અભિવ્યકત કરવાનું માધ્યમ બન્યું છે અને તેમાં કોરોના વાયરસના આગમન પછી આ બાબતે તે વધુને વધુ સશકત માધ્યમ બનતું જઈ રહ્યું છે. કોરોના મહામારીના પગલે સોશ્યલ મિડીયાના યુઝર્સમાં ખૂબ વધારો થવા પામ્યો છે અને તે સાથે હવે નવરાત્રીની વર્ચ્યુઅલ ઉજવણીનું પણ માધ્યમ બનવા પામ્યું છે. આ વર્ષે ગરબા ખેલૈયાઓની મનની મનમાં જ રહી જતા પોતાના થનગનાટને વ્યકત કરવા માટે પણ સોશ્યલ મિડીયા માધ્યમ બની રહ્યું છે અને તેના થકી ખેલૈયાઓથી માંડીને દરેક ગરબારસિકો આ નવરાત્રીમાં ગત વર્ષની નવરાત્રીના કે અન્ય કોઈ પ્રસંગ સમયે યોજાયેલા ગરબાના વિડિયોઝ પોતાના સોશ્યલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મ પરના એકાઉન્ટસ પર કે સ્ટેટસ સ્ટોરીમાં અપલોડ કરી નવરાત્રીની વર્ચ્યુઅલ ઉજવણીનો આનંદ માણી રહ્યા છે. જો કે આ ઉજવણી એક રીતે તો આ વર્ષે ગરબા યોજાઈ શકયા નથી તેના વસવસા સમાન જણાઈ રહી છે. સોશ્યલ મિડીયા પર અપલોડ થતા ગરબાના વિડીયોઝ નિહાળી ઘણાને આશ્ચર્ય થઈ રહ્યું છે અને તે યુઝરને પૂછે કે કયાં ગરબા કર્યા ત્યારે ખબર પડે છે કે આ તો ગત વર્ષના વિડીયો છે.

# શહેરમાં ડુંગળી-બટાકાના ભાવ આસમાને

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં ઘણા સમયથી શાકભાજીના ભાવ વધ્યા તેમ સંભળાઈ રહ્યું હતું ત્યારે હવે ગરીબોની કસ્તુરી એવી ડુંગળી અને તમામ શાકભાજીના રાજા બટેકાના ભાવમાં વધારો જણાયો છે ત્યારે નાના માણસોને આજે દરરોજ શાક તો ખરીદી નથી શકાતું પણ હવે ડુંગળી પણ મોંઘી પડશે. ગૃહિણીઓને તો ડુંગળી અને બટેકાના ભાવ વધવાથી જમવાનું બનાવતા આ બે વસ્તુઓનો કાપ મૂકવો પડી રહ્યો છે. નાના મોટા દરેક ભાવ વધવાથી દરરોજ બટાકા ડુંગળી ભોજનમાં ન મળતા ઉદાસ જણાય છે.

શહેરમાં ડુંગળી બટાકાના ભાવમાં સખત વધારો જણાય છે. ૨૦ રૂ. કિલોએ વેચાતા બટાકાવો ભાવ આજે ૫૦ રૂપિયા પ્રતિ કિલો છે. જે સામાન્ય નાગરિક રૂટીનમાં ખરીદી નહીં શકે અને આજે નાના મોટા તમામને શાકભાજીમાં બટાકા વધુ પ્રિય છે ત્યારે બટાકાના ભાવ વધતા ગૃહિણીઓ તથા નવરાત્રીના



ઉપવાસ ચાલી રહ્યા હોવાથી ઉપવાસ કરનાર તમામમાં નિરાશા વ્યાપી છે.

જયારે બારેમાસ હોટલ-રેસ્ટોરન્ટમાં ખવાતી ડુંગળી એ ૩૦ રૂપિયે કિલો વેચાતી હતી જે શહેરમાં ૭૦ થી ૮૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી છે જેને કારણે ગરીબો જે એક રોટલા સાથે ડુંગળી ખાઈને ચલાવતા હતા પરંતુ હવે તે પણ નહી થઈ શકે આ થવાથી જે સ્વમાની છે તેઓ તો જમવાનું માંગશે પણ નહિ અને ભૂખ્યા રહેશે. રેસ્ટોરન્ટ અને હોટલમાંથી ડુંગળી ગાયબ છે અથવા તો પહેલા જેટલી તેઓ સલાડમાં પીરસતા જ નથી. હવે જોવું રહ્યું કે આ ભાવમાં કયારે ઘટાડો કે પ્રમાણતા આવે છે.

# અડાલજ માણેકબા સ્કૂલ પાસે રીક્ષા પલ્ટી જતા બે ને ઈજા

ગાંધીનગર, તા.૨૨

કલોલ થી ચાંદખેડા તરફ જતી રીક્ષા અડાલજ માણેક બા સ્કૂલ પાસે પલ્ટી જતા રીક્ષામાં સવાર મુસાફર અને ચાલકને ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બંન્ને ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યાંથી બંન્ને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. બનાવમાં ફરીયાદીને જડબાના ભાગે ફ્રેકચર અને હોઠ તેમજ હાથના ભાગે ઈજાઓ થઈ હતી. આ ઘટના સંદર્ભે અડાલજ પોલીસે રીક્ષા ચાલક સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ ખાતે રહેતા અને ડીવાઈન ચાઈલ્ડ સ્કૂલમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સવંતભાઈ મંગાભાઈ ચૌહાણ (ઉં.૫૦) બુધવારના રોજ તેઓ પોતાના મોટાભાઈના ઘરે કલોલ ગયા હતા. કલોલથી પરત આવતા તેઓ એક સીએનજી રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.-૮૪૦૮માં બેઠા હતા. રીક્ષા ચાલક વધુ ફુલ સ્પીડે રીક્ષા હંકારતા મુસાફરોએ તેની રીક્ષા ધીમી ગતિએ હંકારવા માટે ઠપકો આપ્યો હતો. જયારે ત્રિ-મંદિર પાસે મોટાભાગના મુસાફરો ઉતરી ગયા હતા. જયારે ફરીયાદી રીક્ષામાં એકલા જ સવાર હતા. સાંજના સાડાપાંચ વાગે રીક્ષા અડાલજ માણેકબા સ્કુલ પાસે પહોંચી ત્યારે ચાલકે કાબુ ગુમાવ્યો હતો. જેથી રીક્ષા અચાનક પલ્ટી મારી ગઈ હતી. જેમાં મુસાફર અને રીક્ષા ચાલકને ઈજાઓ પહોંચી હતી. જેથી તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ બબાભાઈ રાઠોડ, ઉ.વ. ૬૦, ધણપ, તા. ગાંધીનગર
- સ્વ. જીતેન્દ્રકુમાર જેવચરલાલ પુરોહિત, ઉ.વ. ૭૦, બોરીજ, ગાંધીનગર
- સ્વ. શકરીબેન સોમાભાઈ ખત્રી, ઉ.વ. ૭૮, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ હરગોવિંદભાઈ જોઈતારામ, ઉ.વ. ૮૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. શારદાબેન રમાજી ઠાકોર, ઉ.વ. ૬૯, બોરીજ, ગાંધીનગર
- સ્વ. વિવેકાનંદ રામચંદ્ર ઠાકર, ઉ.વ. ૬૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૭૫, માઢી, તા. વિજાપુર, મહેસાણા
- સ્વ. પ્રતાપજી તખાજી ઠાકોર, ઉ.વ. ૩૪, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. મંગીબેન મોમાભાઈ ભરવાડ, ઉ.વ. ૬૫, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. સુલોચના કેશવ સોલાર, ઉ.વ. ૬૫, વાવોલ, કુબેરનગર, તા. ગાંધીનગર
- સ્વ. શૈલેષભાઈ ઈશ્વરભાઈ દેસાઈ, ઉ.વ. ૩૪, અલુવા. તા. માણસા

# ગાંધીનગરનો યુવા ખેલાડી 'ફુટસાલ' રમતનો સૌથી નાની વયનો કોચ બન્યો

## નેશનલ ફુટસાલ ફેડરેશન દ્વારા વડોદરા ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાના રેફરી-કોચ ટ્રેનિંગ કેમ્પમાં સત્યજીતસિંહ વાઘેલાને 'શ્રેષ્ઠ કોચ' તરીકે પ્રમાણપત્ર

ગાંધીનગર, તા.૨૨

ક્રિકેટમાં જેમ પાંચ દિવસની ટેસ્ટ મેચને બદલે ૨૦ ઓવરની ટવેન્ટી-ટવેન્ટી લોકપ્રિયતા પામી રહી છે અને કબડ્ડીમાં પણ મેદાન તથા સમયની દષ્ટિએ 'કોમ્પેક' રમત પ્રો-કબડ્ડીનું ચલણ વધ્યું છે તેજ રીતે ફુટબોલની રમતમાં પણ 'ફુટસાલ' સ્વરૂપ લોકપ્રિય બની રહ્યું છે. જેમાં મેદાનની સાઈઝ અને સમય બંનેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ગાંધીનગરના યુવા ખેલાડી સત્યજીત વાઘેલાએ 'ફુટસાલ' રમત માટે તાજેતરમાં વડોદરા ખાતે નેશનલ ફુટસાલ ફેડરેશન દ્વારા યોજવામાં આવેલા રાષ્ટ્રીય કક્ષાના ટ્રેનિંગ કેમ્પમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન સાથે શ્રેષ્ઠ કોચ તરીકે સૌથી નાની વયે પ્રમાણપત્ર મેળવી આ રમતમાં પાટનગરનું નામ રોશન કર્યું છે.

ફુટસાલની રમત હવે વૈશ્વિક કક્ષાએ લોકપ્રિયતા હાંસલ કરતી જાય છે અને ગુજરાતમાં પોલીસ કર્મીઓમાં આ રમત સૌથી વધુ પસંદ કરવામાં આવી રહી છે. તાજેતરમાં વડોદરાની




પ્રેસિડેન્સી સ્પોર્ટસ કલબ ખાતે નેશનલ કોચ અને રેફરી ટ્રેઈનીંગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ભારતીય સોકર ફુટસાલ ફેડરશન સંલગ્ન લગભગ તમામ રાજયોની ટીમે ભાગ લીધો હતો. આ ગુજરાતની ટીમમાંથી ત્રણ ખેલાડીઓ જોડાયા હતા જેમાં સત્યજીતસિંહ વાઘેલા ઉપરાંત સુરતના પોલીસ ઈન્સ્પેકટર પંકજભાઈ અને અમદાવાદ સીટી મહિલા પોલીસના સબ ઈન્સ્પેકટર નીતા પરમારનો સમાવેશ થાય છે. આ પૈકી સત્યજીતસિંહ વાઘેલાએ દેશમાં સૌથી નાની વયના કોચ કરીકે ઉભરી શ્રેષ્ઠ કોચ તરીકે સર્ટિફીકેટ હાંસલ કર્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે સત્યજીતસિંહ ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાંથી રાષ્ટ્રીય કક્ષાના ફુટસાલના ખેલાડી છે. નેશનલ ફુટસાલ ફેડરેશનના જનરલ સેક્રેટરી બી.ડી. વર્માની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ટ્રેનિંગ કેમ્પના સમાપન સમારોહમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના અરૂણસિંહ રાજપૂત મુખ્ય અતિથિપદે તેમજ ગાંધીનગરની પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નેશનલ ફુટસાલ ફેડરેશનના નેશનલ પ્રમુખ જીગ્નેશ પાટીલ, ગુજરાત પ્રમુખ યોગરાજસિંઘ ચુડાસમા, કેમ્પ ઓર્ગેનાઈઝર અતુલ પરમાર સહિત અન્ય રાજયોના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રમાણપત્ર થકી સત્યજીત સિંહ રાષ્ટ્રીય તથા રાજયકક્ષાએ કોચ તરીકે સેવાઓ આપી શકશે.